આંક–૧ અન્વયે હુકમ:

CCNO-64-2019

અત્રેની એ નોંધ લેવામાં આવે છે કે, આજરોજ નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ અમદાવાદના પત્ર તેમજ ચેરમેન એન્ડ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ લીગલ સર્વીસ કમીટી,અમદાવાદનાઓના નોટીફીકેશન નં. ૨/૨૦૧૯, તા.૬/૯/૨૦૧૯ ના રોજ સ્પેશીયલ સીટીંગનું આયોજન કરવામાુ આવેલ છેઅને આ કેસ સ્પેશીયલ મેજીસ્ટ્રેટ સીટીંગમાં અમારી સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

૧. આ કામે આરોપી વિરુધ્ધ એવો આક્ષેપ છે કે, આ કામના ફરિયાદીએ તેમને અટક કરી જી.પી. એકટ કલમ: –૯૦(અ) અંગેની ફરીયાદ રજુ કરેલી છે જે અંગે ચાર્જશીટ આવી ગયેલ છે.

૨. આરોપીને કેસની નકલો આપી દીધેલ છે. અનેતેઓને ગુના અંગે પુછતાં તેઓએ આજરોજ ગુનો કબુલ કરેલ છે. આરોપીને સમજાવવામાં આવે છે કે, તેઓગુનો કબુલ કરવાં માટે બંધાયેલ નથી. અને ગુનો કબુલ કરશે તો તેઓને કાયદાકીય જોગવાઈ મુજબ સજા કરવામાં આવશે તેમ છતાં આરોપી ગુનો કબુલ કરે છે.

૩. જેથી અરોપીને રૂબરૂ સાંભળ્યાં. આરોપી જણાવે છે કે, તેઓ ગરીબ માણસ છે. તેમનો આ પ્રથમ ગુનો છે. તેઓનો કોઈ કબુલ કરવાનો ઈરાદો ન હતો. આરોપી સામે અગાઉ આ પ્ર કારનો કોઈ ગુનો દાખલ થયેલો નથી. જેથી તેના ઉપર દયા રાખવા જણાવે છે.

૪. આ કામે આરોપી સામે જે પ્રકારે ગુનો બને છે, તે જોતા તેમજ કેસની હકીકત ધ્યાને લેતા, આરોપીની ઉંમર તેમજ આરોપીનું સરનામું ધ્યાને લેતાં, તેમજ **રમેશચંદ ભીખાલાલ સોની વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ.૨૦૧૩(૨)૯૭૪ ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતાં તેમજ ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫(૧) જી.એલઆર ૭૦૯,સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા, આરોપીને વધુ સજા નહી કરતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

:: હુકમ ::

(૧) આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ:૨૫૨ અન્વયે જી.પી.એકટની કલમ:૯૦(અ) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/–( અંકે રૂપિયા સો)) પુરાનો દંડ, કરવામાં આવે છે .

(૨) જો આરોપી ઉપરોકત દંડની રકમ ના ભરેતો તેને દિન–૦૨ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

સદરહું હુકમ આજ તા.૧૪ મી સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ નેશનલ લોકઅદાલતના દિવસે રાખવામાં આવેલ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ

(દિલીપસિંહ ભાવસિંહજી ગોહીલ)

સ્થળ: અમદાવાદ
તા.૧૪/૦૯/૨૦૧૯

એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૯, અમદાવાદ.
**GJ00757)**